## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ વખતે સામી પાર્ટીવાળા સાથે જ આપણે આપણો પ્રચાર કરવા જઈશું અને અડધો ખર્ચ માંગીશું... આમેય આપણાં બધાં તેમના જ છે ને...??

# દહેગામના ધારીસણામાં ઝાડા-ઉલ્ટીના ૪૦ કેસ નોંધાયા

## પાંચ દર્દીને સઘન સારવાર માટે રખિયાલ ખસેડાયા : ૨૪ x ૭ ઓ.પી.ડી. શરૂ કરવાનો પણ તંત્રનો નિર્ણય : છેલ્લા ૨૫ દિવસમાં જિલ્લામાં ત્રીજો પાણીજન્ય રોગચાળો નોંધાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નવા બનેલા પી.એચ.સી. પાટનાકુવાના વિસ્તારમાં આવતા ધારીસણા ગામે ઝાડા-ઉલ્ટીના ૪૦થી વધુ કેસ નોંધાતાં આરોગ્યતંત્ર દોડતુ થઈ ગયુ છે.

છેલ્લા બે દિવસથી છુટાછવાયા નોંધાયેલા ઝાડા-ઉલ્ટીના કેસો આજે એકાએક બેકાબુ બન્યા હતા અને ૪૦ જેટલા કેસ છેલ્લા ત્રણ દિવસમાં નોંધાયા છે.

આજે બેકાબુ બનેલા ઝાડા-ઉલ્ટીના કેસોની જાણ જિલ્લાતંત્રને થતાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી, અધિક મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ, પ્રાંત અધિકારી, તા.વિ. અધિકારી, મામલતદાર સહિતના અધિકારીઓ પહોંચ્યા હતા અને પરિસ્થિતિની જાણકારી મેળવી હતી.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધારીસણા ખાતે ૨૪૮૭ ઓ.પી.ડી. ચાલુ કરવામાં આવી છે એટલુ જ નહિ ગામમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ઝાડા-ઉલ્ટીના આ કેસોમાં પાંચ જેટલા દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને રખિયાલ દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા ૪ જેટલા પાણીના લિકેજીસ શોધી કાઢવામાં આવ્યા છે અને તે તાત્કાલિક મરામત કરવા માટેની પણ તાકીદ કરવામાં આવી છે. જેમાં બે જેટલા લિકેજીસ ખાનગી જોડાણમાં જણાઈ આવેલ છે.

ધારીસણા ગામમાં બનેલ ઝાડા-ઉલ્ટીના આ રોગચાળાને લઈ આરોગ્યતંત્ર દોડતુ થઈ જવા પામ્યુ છે. આરસોડિયા, અંબાપુર અને ત્રીજી જગ્યાએ પાણીજન્ય રોગચાળો છેલ્લા પંદરથી વીસ દિવસમાં નોંધાયો છે. જે તંત્રની સેવાઓ સામે પ્રશ્નાર્થ બની આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે ૧૨ થી વધુ કેસમાં દર્દીઓને ઝાડા-ઉલ્ટી બન્ને જોવા મળ્યા છે જ્યારે ૨૫ જેટલા કેસમાં માત્ર સાદા ઝાડાની ફરિયાદો હોવાનું કહેવાય છે. ગામમાં ક્લોરીનની ટીકડીઓનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ગ્રામીણ વિસ્તારોમાં ક્લોરીનેશન માટે જે આરોગ્ય તંત્ર દ્વારા નિયમિત રીતે મોનીટરીંગ થવુ જોઈએ તે થતુ નથી.

પાણીના ક્લોરીનેશનને લઈ અગાઉ તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જિલ્લાની સંચારી રોગ સમિતિની બેઠક પણ મુલ્તવી રાખી હતી પછી થયેલ કાર્યવાહી અંગે તંત્ર મૌન સેવી રહ્યું છે.

## મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ના ૮૫ ઉમેદવારોને નિમણુક અપાઈ

રાજયની સરકારી વિનયન, વાણિજય, વિજ્ઞાન તથા કાયદા વિદ્યાશાખાની કોલેજના ભણાવાતા કુલ ૨૬ વિષયો પૈકી હાલ ૧૨ વિષયના કુલ ૮૫ મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગે વિગતવાર નિમણૂક આપી દીધી છે.

જે વિષયોના મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની નિમણુક કરી દેવાઈ છે તેમાં ઉર્દુમાં -૧, પર્શીયનમાં-૧, તત્વજ્ઞાનમાં-૨, ભૂસ્તરશાસ્ત્રમા-૧, ભૂગોળમાં-૩, ગણિતશાસ્ત્રમાં-૪, રાજયશાસ્ત્રમાં-૧, ભૌતિકશાસ્ત્રમાં-૧૩, ગુજરાતીમાં-૨૬, વાણિજયમાં-૧૦, ઈતિહાસમાં-૧૮ તથા માઈક્રોબાઈલોજીમા-૫ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

## મુકિતધામ ખાતે કોબ્રા નીકળ્યો

વરસાદ પહેલાના ઉકળાટનો મહાલો છે અને જમીનમાંથી સરિસૃપો બહાર આવી રહ્યાના કિસ્સા ઠેર ઠેર બની રહ્યા છે. શહેરના સ્મશાન મુકિતધામ ખાતે વિકસાવાયેલા નૈસર્ગિક સંકુલમાં ગઈ કાલે કોબ્રા નાગે દેખા દીધી હતી. જેને સલામત રીતે પકડીને નજીકના જંગલમાં મુકત કરી દેવાયો હતો.

# જિલ્લામાં લિસ્ટેડ બુટલેગર પર દરોડા પાડવા સ્પેશિયલ ડ્રાઈવ

## તમામ થાણા ઇન્ચાર્જની કડક સૂચના : દારૂનું ટીપું પણ વેચાવું ન જોઈએ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં એલસીબી અને એસઓજી ઉપરાંત તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને કડક સૂચના આપી દેવાઈ છે કે તેમની હદમાંથી દારૂનું ટીપું પણ મળવું કે વેચાવુ ન જોઈએ. જિલ્લામાં લિસ્ટેડ બુટલેગર પર વોચ રાખી તમને ત્યાં દરોડા પાડવા સ્પેશિયલ ડ્રાઈવના આદેશ એસપી કચેરીથી થવા પામ્યા છે. આ સ્પેશિયલ ડ્રાઈવમાં લિસ્ટેડ બુટલેગરોને ત્યાં દરોડા પાડવા ઉપરાંત હાલમાં સક્રિય થયેલા તમામ નાના મોટા ખેપીયાઓ બુટલેગરો પર વોચ રાખી તમામ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ટીમો બનાવી સફળ દરોડા કરવા આદેશ જારી કરવામાં આવ્યા છે.

આગામી રથયાત્રા પર્વ તેમજ જિલ્લામાં ચાલી રહેલી જનતા રેડ અનુસંધાને ૮ જુલાઈથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી પ્રોહિબિશનના લિસ્ટેડ બુટલેગર ઉપર રેડ કરવા અંગેની સ્પેશિયલ ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાથી હાથ ધરવામાં આવેલી આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન પ્રોહિબિશન પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોય તેવા તમામ લિસ્ટેડ બુટલેગર અને ખેપિયાઓની હાલની પ્રવૃતિઓ ઉપર નજર રાખવા તેમજ અસરકારક સફળ રેડ કરી વધુમાં વધુ પ્રોહિબિશનના કેસો શોધી કાઢવા પરિણામ લક્ષી કાર્યવાહી કરવાની કડક સુચના આપવામાં આવી છે. આ ડ્રાઈવ દરમિયાન સ્થાનિક પોલીસ સ્ટેશન ઉપરાંત એલ.સી.બી, એસ.ઓ.જી અને સીપીઆઈ તથા ડીવીઝનનાં ડીવાયએસપીએ સ્વતંત્ર રીતે વધુમાં વધુ ટીમો બનાવી દારૂના કેસો શોધી કાઢવા સૂચના આપવામાં આવી છે. નોંધનીય બાબત છે કે જિલ્લામાં અગાઉ જે રીતે દારૂ-જુગારના સ્ટેન્ડ ખુલી ગયેલા હતા તેવા સ્ટેન્ડ તો છેલ્લા ત્રણ વર્ષથી જોવા મળ્યા નથી. પરંતુ છાનો-છૂપો દારૂનો ધંધો ચાલે છે તે પણ નગ્ન સત્ય છે.

## જાયન્ટ્સ ગૃપ દ્વારા જીઆઈડીસી ખાતે વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગરના જાયન્ટ્સ ગૃપ-મેઈન દ્વારા સે. ૨૮ ખાતે જીઆઈડીસી એન્જિનીયરીંગ એસોસિએશનના કોન્ફરન્સ હોલ કેમ્પસ ખાતે એક સાથે ૫૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. 'વૃક્ષો વાવો અને પર્યાવરણ બચાવો' સૂત્રને ચરિતાર્થ કરવાના હેતુસર આ પરિણામલક્ષી પ્રયાસ સંસ્થા દ્વારા હાથ ધરાયો હતો.




જાયન્ટ્સ ગૃપ દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩સીના યુનિટ ડિરેક્ટર બી.એમ. પટેલ, ગાંધીનગર મેઈનના પ્રમુખ વસંતભાઈ પટેલ, પાસ્ટ પ્રેસિડેન્ટ સાંકાભાઈ પટેલ ઉપરાંત નટુભાઈ પટેલ, ડી.ટી. પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ માધુભાઈ પટેલ અને રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જીઆઈડીસી એન્જિનીયરીંગ એસોસિએશનના પ્રમુખ શૈલેષભાઈ પટેલ, પાસ્ટ પ્રેસિડેન્ટ બળદેવભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ, વાલજીભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, કિર્તીભાઈ પટેલ વગેરેએ વૃક્ષારોપણ કામગીરીમાં સક્રિય યોગદાન આપ્યું હતું.

# શાહપુર પ્રાથમિક શાળામાં દાતાઓના સહયોગથી ત્રીજા સ્માર્ટ ક્લાસનું સ્વપ્ન સાકાર

ચિલોડા, તા. ૧૦

તાલુકાની શાહપુર પ્રાથમિક શાળામાં વર્ષ ૨૦૧૭થી જ્ઞાનકુંજ પ્રોજેકટ અમલમાં મુકવામાં



આવ્યો છે. જેનું ઉદ્‌ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ સાથે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત શાળાને ૧૦૦ ટેબ્લેટ આપવામાં આવ્યા હતા. શાળામાં શરૂ કરેલ આ પ્રોજેક્ટ બાદ શાળાના ધોરણ-૬ના વિદ્યાર્થીઓ વધુ અભ્યાસુ અને ઉત્સુક બન્યા હતા કે તેઓ પણ આ પ્રકારના સ્માર્ટ ક્લાસમાં ભણવા ખુબ આતુર હતા. શરૂઆતમાં બે કે ત્રણ તાસનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવાનો પ્રયોગ હાથ ધર્યો હતો. ત્યારબાદ જાગૃત ગામ લોકો સાથે અને એસ.એમ.સી. સાથે વિચાર વિમર્શનો દોર ચલાવી લોકભાગીદારી દ્વારા ત્રીજા સ્માર્ટ ક્લાસ તૈયાર કરવાનું સ્વપ્ન જોયુ. બસ ત્યારબાદ ગામના લોકો સાથે આ બાબતે ચર્ચા બાદ શાહપુર ગામના વતની અને નરોડા અમદાવાદ ખાતે રહેતા અને સેવાભાવી અને ધાર્મિકવૃત્તિ ધરાવતા નટુભાઈ ભગવાનદાસ પટેલ દ્વારા તેમના પુત્ર કેતનભાઈના શુભ હસ્તે રૂ. ૧,૧૮૦૦૦ જેટલી માતબર રકમ શાળામાં સ્થળ પર જ હાથોહાથ આપી તાત્કાલિક સ્માર્ટ ક્લાસ તૈયાર કરવાની વાત કરી. માત્ર ચાર દિવસમાં તેમના પ્રયત્નો થકી શાહપુર પ્રાથમિક શાળામાં ત્રીજા ધોરણ-૬ના સ્માર્ટ ક્લાસનું નિર્માણ પૂર્ણ થઈ ચુક્યુ છે. આજે આ ધોરણ-૬ના વિદ્યાર્થીઓ પણ તેમની અપેક્ષા મુજબ સ્માર્ટ ક્લાસમાં રસપૂર્વક અભ્યાસ કરી રહ્યા છે. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ, શાળા પરિવાર અને એસ.એમ.સી., લોક સહકારના ઉમદા સેવાયજ્ઞકાર્ય બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજ્યમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉત્તેજન માટે કલા મહાકુંભ-૨૦૧૮નું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭થી કલા મહાકુંભની શરૂઆત કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે ચાલુ વર્ષે પણ કલાકારોને પ્રોત્સાહન મળે તે માટે તા. ૧૬-૭-૨૦૧૮ થી ૧૦-૯-૨૦૧૮ સુધી કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ભાગ લેવા માટે તા. ૧૫-૭-૨૦૧૮ સુધી ઓનલાઈન www.kalamahakumbhgujarat.com પર તથા ઓફલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે.

ગત વર્ષે ૨૨ કૃતિઓનો સમાવેશ કર્યો હતો તેમાં ચાલુ વર્ષે લગ્નગીત/ફટાણાં, કુચીપૂડી, સારંગી, સરોદ, જોડીયાપાવા, રાવણહથ્થો અને ભવાઈ એમ સાત કૃતિઓ મળી કુલ ૨૯ કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્પર્ધા તાલુકા, મહાનગર પાલિકા વોર્ડ, જિલ્લા, પ્રદેશ અને રાજ્યકક્ષાએ થનાર છે. ૬૦ વર્ષથી વધુ વય ધરાવનારા સિનિયર સિટીઝનો આ કલા મહાકુંભમાં ભાગ લઈ શકશે.

# 'માયક્રોપ' કૃષિક્ષેત્રે ખેડૂતોનું સશકિતકરણ કરશે

## ડેટા એનાલિસિસ આધારિત 'માયક્રોપ' ટેકનોલોજી ખેડૂતોનું માર્ગદર્શન કરશે : ગાંધીનગરની કેએસવી ખાતે સંશોધન કેન્દ્ર

ગાંધીનગર, તા.૧૦

'માયક્રોપ' એ નવા યુગની ટેકનોલોજી આધારિત 'ડિઝીટલ ફાર્મિંગ' ને વેગ આપશે અને મને વિશ્વાસ છે કે આ ટેકનોલોજી કૃષિ ક્ષેત્રે એક નવી ક્રાંતિનું સર્જન કરશે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય માયક્રોપ સાથે જોડાઈને રાજયના ખેડૂતોને માર્ગદર્શિત કરવામાં મદદરૂપ બનશે તે સાથે ભાવિ પેઢી સમા અમારા વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રે નવી ટેકનોલોજી આધારિત કારકિર્દી ઘડતરની પણ ઉત્તમ તક પ્રાપ્ત થશે. આ પ્રકારનો આત્મવિશ્વાસ આજે કેએસવી ખાતે ચેરમેન વલ્લભભાઈ પટેલે 'માયક્રોપ' અંગે માહિતી આપતા વ્યકત કર્યો હતો. આ પ્રસંગે તેમણે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા માયક્રોપને 'ટેકનોલોજી પાયોનિયર-૨૦૧૮'નો એવોર્ડ મળવા બદલ દિપક પરીખને અભિનંદન પાઠવ્યા હતા.



### શું છે આ 'માયક્રોપ'?

'માયક્રોપ' એ ડેટાબેઝ એનાલિસિસ આધારિત એક ટેકનોલોજી છે જે ખેડૂતની જમીન, તેનું ખેતર જે વિસ્તારમાં છે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ, આબોહવા, બીજ, બજાર, ખાતર તથા ભૂતકાળના અનુભવો વગેરે આધારિત ખેડૂતોએ શેની ખેતી કરવી, કેવી રીતે કરવી, પાકની માવજત કે અન્ય સમસ્યા માટે શું કરવું, કયું અને કેટલું ખાતર કે પાણી વાપરવું તેમજ બજારમાં વધુ મૂલ્ય પ્રાપ્ત થાય તે માટે શું કરવું તે તમામ પ્રકારનું માર્ગદર્શન પુરું પાડશે. આ માર્ગદર્શન સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત હશે અને તે માટે સ્થાનિક 'કૃષિ મિત્ર' સહાય કરશે.

આ પ્રસંગે તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા કડી અને ગાંધીનગર ખાતે મળીને ૪૦ સંસ્થાઓ અને ૨૫ શાળાઓનું સંચાલન કરવાં આવે છે. જેમાં ૫૪ હજાર વિદ્યાર્થીઓ અને ૨૫૦૦ શિક્ષકો, ફેકલ્ટીઝ તથા સંશોધકોનો સમાવેશ થાય છે. આ અંતર્ગત કેએસવી ખાતે એસવી ઈનોવેશન ફાઉન્ડેશનનું એક સંશોધન કેન્દ્ર અને પ્રવેગક ચલાવવામાં આવી રહ્યું છે.

આજે કેએસવી ખાતે 'માયક્રોપ' અંગે માહિતી આપતા સીઈઓ દિપક પરીખે જણાવ્યું હતું કે 'માયક્રોપ' એક અદ્યતન ટેકનોલોજી આધારિત નવીનતમ પ્લેટફોર્મ છે જે ભારત અને ઈન્ડોનેશિયાના ખેડૂતોને સેવા આપે છે. 'માયક્રોપ'એ ખેડૂતોને તેમની જમીન, વિસ્તાર, આબોહવા, ભૂતકાળના અનુભવો તથા બજારને ધ્યાનમાં રાખીને તમામ પરિબળોના ડેટાના અભ્યાસ થકી સચોટ માર્ગદર્શન આપતી ટેકનોલોજી છે-પ્લેટફોર્મ છે. 'માયક્રોપ' દ્વારા નિયુકત કરાયેલ 'કૃષિ મિત્ર' ખેડૂતોની મુંઝવણ ઉકેલી તેમને યોગ્ય ભલામણ કરવા સાથે પાકનું બજારમાં યોગ્ય મૂલ્ય મળી રહે તે માટે મદદરૂપ બનશે. માયક્રોપ ટેકનોલોજીસના સીઈઓ દિપક પરીખે જણાવ્યું હતું કે જે ખેડૂત આપણી ભૂખ ભાંગે છે તેની પાયાની સમસ્યાઓ પ્રત્યે યોગ્ય ધ્યાન અપાતું નથી. માયક્રોપમાં વિશ્વાસ મુકી એસ.વી. ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવનાર અભિયાન ભવિષ્યમાં પરંપરાગત ખેતી પધ્ધતિમાં મોટું પરિવર્તન આણી શકે છે અને તે માટે સરકાર તથા સમાજના સહયોગીઓ સાથે મળીને કાર્ય કરશે. આ પ્રસંગે કેએસવીના ડીન ફેકલ્ટી ડૉ. ભાવિન પંડયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### માયક્રોપ 'ટેકનોલોજી પાયોનિયર-૨૦૧૮'થી સન્માનિત

માયક્રોપ ટેકનોલોજીને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા 'ટેકનોલોજી પાયોનિયર-૨૦૧૮' તરીકે સન્માનવામાં આવી છે. આ સન્માન કંપનીને તેમની 'સમાજ અને ઉદ્યોગ પરિવર્તન' અને 'ચોથી ઔદ્યોગિક ક્રાંતિને આકાર' જેવી ક્ષમતાને આધારે કરવામાં આવી છે તેવું સન્માન સમયે વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ફુલ્વિઆ મોન્ટ્રેસરે જણાવ્યું હતું. માયક્રોપ એ એસવી ફાઉન્ડેશન થકી ગાંધીનગરની કેએસવી સાથે જોડાયેલ છે.


## Dena Gujarat Gramin Bank

DGGB

(A joint Venture of Govt. of india, Govt. of Gujarat & Dena Bank)

: Head office :
Balvantray Mehta Panchayat Bhavan, "CH" Road, Sector-17, Gandhinagar.

### Balance sheet and Profit & Loss Account for The Year Ended 31-3-2018

### Independent Auditor's Report

To
The Members,
Dena Gujarat Gramin Bank,
Gandhinagar.

**Report On the Financial Statements of Dena Gujarat Gramin Bank, Gandhinagar**

1. We have audited the accompanying financial statements of **Dena Gujarat Gramin Bank, Gandhinagar as at 31st March, 2018**, which comprise the Balance Sheet as at March 31, 2018, and Profit and Loss Account and the cash flow statement for the year then ended, and a summary of significant accounting policies and other explanatory information. Incorporated in these financial statements are the returns of 22 branches audited by us and 151 branches audited by branch auditors. The branches audited by us and those audited by other auditors have been selected by the Bank in accordance with the guidelines issued to the Bank by the National Bank for Agriculture and Rural Development. Also incorporated in the Balance Sheet and the Statement of Profit and Loss are the returns from 68 branches which have not been subjected to audit. These unaudited branches account for 23.63 per cent of advances, 22.33 per cent of deposits, 20.93 per cent of interest income and 20.70 per cent of interest expenses.

**Management's Responsibility for the Financial Statements**

2. Management is responsible for the preparation of these financial statements in accordance with the section 29 read with section 31 of the Banking Regulation Act 1949. This responsibility also includes maintenance of adequate accounting records in accordance with the provisions of the Act for safeguarding the assets of the Bank and for preventing and detecting frauds and other irregularities; selection and application of appropriate accounting policies; making judgments and estimates that are reasonable and prudent; and design, implementation and maintenance of adequate internal financial controls, that were operating effectively for ensuring the accuracy and completeness of the accounting records, relevant to the preparation and presentation of the financial statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.

**Auditor's Responsibility**

3. Our responsibility is to express an opinion on these financial statements based on our audit. We conducted our audit in accordance with the Standards on Auditing issued by the Institute of Chartered Accountants of India. Those Standards require that we comply with ethical requirements and plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free from material misstatement.

4. An audit involves performing procedures to obtain audit evidence about the amounts and disclosures in the financial statements. The procedures selected depend on the auditor's judgement, including the assessment of the risks of material misstatement of the financial statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers internal control relevant to the Bank's preparation and fair presentation of the financial statements in order to design audit procedures that are appropriate in the circumstances. An audit also includes evaluating the appropriateness of accounting policies used and the reasonableness of the accounting estimates made by management, as well as evaluating the overall presentation of the financial statements.

5. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our audit opinion.

**Opinion**

6. In our opinion, as shown by books of bank, and to the best of our information and according to the explanations given to us:

a. the Balance Sheet, read with the notes thereon is a full and fair Balance Sheet containing all the necessary particulars, is properly drawn up so as to exhibit a true and fair view of state of affairs of the Bank as at 31st March 2018 in conformity with accounting principles generally accepted in India;

b. the Profit and Loss Account, read with the notes thereon shows a true balance of profit, in conformity with accounting principles generally accepted in India, for the year covered by the account; and

c. the Cash Flow Statement gives a true and fair view of the cash flows for the year ended on that date. Report on Other Legal and Regulatory Requirements.

7. The Balance Sheet and the Profit and Loss Account have been drawn up in Forms "A" and "B" respectively of the Third Schedule to the Banking Regulation Act, 1949.

8. Subject to the limitations of the audit indicated in paragraph 1 to 5 above and as required by the Banking Companies(Acquisition and Transfer of Undertakings) Act, 1970/1980, and subject also to the limitations of disclosure required therein, we report that:

a. We have obtained all the information and explanations which to the best of our knowledge and belief, were necessary for the purposes of our audit and have found them to be satisfactory.

b. The transactions of the Bank, which have come to our notice have been within the powers of the Bank.

c. The returns received from the offices and branches of the Bank have been found adequate for the purposes of our audit.

9. In our opinion, the Balance Sheet, Profit and Loss Account and Cash Flow Statement comply with the applicable accounting standards

Place : Gandhinagar
Date : 27-06-2018

For S. C. Kabra & Co.
Chartered Accountants
Frn. : 000337C
Sd/-
(Pradeep Mehta)
(Partner)
M. No. 139003

#### DENA GUJARAT GRAMIN BANK, GANDHINAGAR
#### Form 'A'
#### BALANCE SHEET AS ON 31ST MARCH 2018

(Rs. in Thousand)

| | | Sch. No. | As on 31.03.2018 | As on 31.03.2017 |
|---|---|---|---|---|
| 1. | CAPITAL AND LIABILITIES | | | |
| | Capital | 1 | 552339 | 552339 |
| | Reserves & Surplus | 2 | 2018836 | 1992196 |
| | Deposits | 3 | 43166863 | 41843222 |
| | Borrowings | 4 | 8703742 | 4958623 |
| | Other Liabilities and Provisions | 5 | 1123534 | 1471143 |
| | TOTAL | | 55565314 | 50817523 |
| 2. | ASSETS | | | |
| | Cash and Balances with RBI | 6 | 2052688 | 1963046 |
| | Bal. With Banks & Money at call and short notice | 7 | 9188190 | 11667784 |
| | Investments | 8 | 18230297 | 12869179 |
| | Advances | 9 | 23488779 | 21674109 |
| | Fixed Assets | 10 | 196234 | 176995 |
| | Other Assets | 11 | 2409126 | 2466410 |
| | TOTAL | | 55565314 | 50817523 |
| | Contingent Liabilities | 12 | 36400 | 49549 |
| | Bills for Collection | | 248761 | 206987 |
| | Significant Accounting Policies | 17 | ----- | ----- |
| | Notes forming part of accounts | 18 | ----- | ----- |

As per our report of even date attached

FOR M/S S. C. KABARA & CO.
CHARTERED ACCOUNTANTS
F.R. No. 000337C
Sd/-
(PRADEEP MEHTA)
PARTNER
M.No. 139003

Place : Gandhinagar
Date : 27TH JUNE, 2018

Sd/-
(B.C PATEL)
Chief Manager (Acct.)

#### DENA GUJARAT GRAMIN BANK, GANDHINAGAR
#### Form 'B'
#### PROFIT & LOSS ACCOUNT FOR YEAR ENDED ON 31ST MARCH, 2018

(Rs. in Thousand)

| | | Sch. No. | As on 31.03.2018 | As on 31.03.2017 |
|---|---|---|---|---|
| I. | INCOME | | 8.03 | 7.44 |
| | 1. Interest Earned | 13 | 3661638 | 3733759 |
| | 2. Other Income | 14 | 319738 | 277661 |
| | TOTAL INCOME | | 3981376 | 4011420 |
| II. | EXPENDITURE | | | |
| | 1. Interest expended | 15 | 2590911 | 2657903 |
| | 2. Operating Expenses | 16 | 995515 | 933805 |
| | 3. Provisions and Contingencies | 16 | 344310 | 208287 |
| | TOTAL EXPENDITURE | | 3930736 | 3799995 |
| III. | NET PROFIT FOR THE PERIOD | | 50640 | 211425 |
| IV. | APPROPRIATIONS | | | |
| | Transfer of Statutory Reserves | | 12660 | 52856 |
| | Transfer to Investment Fluctuation Reserves | | 0 | 0 |
| | Transfer to Government / Proposed Dividend | | 0 | 0 |
| | Balance carried over to P & L A/c | | 37980 | 158569 |
| | Basic Earnings Per Share {(Share of Rs. 10 Each in Rupees)} | | 0.92 | 3.83 |
| | Diluted Earnings Per Share {(Share of Rs. 10 Each in Rupees)} | | 0.92 | 3.83 |
| | Significant Accounting Policies | 17 | | |
| | Notes Forming Part of Accounts | 18 | | |

FOR DENA GUJARAT GRAMIN BANK

Sd/-
(GIREESH KUMAR BANSAL)
General Manager

Sd/-
(B.S.LUTHRA )
Chairman

Board of Directors

1. H.K. Deo, Director — Sd/-
2. V. S. Khichi, Director — Sd/-
3. Bipin Nair, Director — Sd/-
4. S. T. Ravikumar, Director — Leave on absence
5. Vishal Gupta, Director — Leave on absence
6. J.G.Hingrajia, Director — Sd/-
7. S. L. Dabhi, Director — Leave on absence
8. Vikesh Mehta, Director — Leave on absence